જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૩/૨૦૧૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નાસતા-ફરતાં આરોપીને હાજર થવા ફરમાન :** **સમાચાર યાદી નં.૪૭૬/૧૪**

અમદાવાદ શહેરનાં સરદારનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ૨૦૧૧ નાં વર્ષમાં ફ.ગુ.ર.નં.૧૫૪/૧૧ ઇપીકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરી આરોપી રોહીત પોપટલાલ સુથાર (રહે.શીલ્પગ્રામ સોસાયટી, નાના ચીલોડા, અમદાવાદ) ફરાર છે. આ આરોપી પોતાને વૉરન્ટની બજવણી ન થાય તે માટે સંતાતો અથવા નાસતો ફરે છે. આથી એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નંબર ૧૭, અમદાવાદ શહેર ૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીને તા.૧૭/૩/૨૦૧૫ નાંરોજ એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નંબર ૧૭, ધી કાંટા,અમદાવાદ ખાતે પોતાની સમક્ષ હાજર થવા ફરમાવેલ છે.

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૪૦૧ લીટર દેશી દારૂ, ૨૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૨ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૧૭૨ બિયર ટીન અને ૦૪ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૭૯/૧૫**

**રામોલ :** સુરજભાઇ ચુનીલાલ ઢીવેર (રહે.કેવડાવાડી સોસાયટી, રેવાભાઇ એસ્ટેટની બાજુમાં, સુરેલીયા રોડ, રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ભાઇ મુકેશભાઇ ચુનીલાલ ઢીવરે(ઉ.વ.30) ને આરોપી (૧) આશીષ રબારી (૨)બળદેવ રબારી અને બીજા સાતથી આઠ માણસોએ ભેગામળી પૈસાની લેવડ-દેવડ બાબતે તા.૭/૩/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે વન્ડર પોઇન્ટ ભારવી ટાવર નજીક તલવાર અને ચપ્પુ જેવા તિક્ષ્ણ હથિયારો વડે શરીરે ગંભીર ઇજાઓ કરી નાસી ગયા હતા. ઇજાગ્રસ્ત મુકેશભાઇને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૪૮૦/૧૫**

**સોલા હાઇકોર્ટ** : જીજ્ઞાબહેન ગોવિંદભાઇ રાવળ(ઉ.વ.૧૬)(રહે.અર્બુદાનગર, રાધીકાપાર્ક પાસે, સંત રોહીતદાસનગરની પાછળ, ચાંદલોડીયા) ને તા.૫/૩/૧૫ સવારનાં ૧૧/૪૫ વાગ્યા ના સુમારે ઘર નજીકથી આરોપી પાર્થ અશોકભાઇ (રહે.શીવાનંદ એપાર્ટમેન્ટ, કે.કે.નગર ઘાટલોડીયા) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જીજ્ઞાબહેનની માતા અલકાબહેન રાવળે તા.૭/૩/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**છેતરપીંડી -** **સમાચાર યાદી નં.૪૮૧/૧૫**

**નવરંગપુરા** : રોહીતભાઇ રસીકલાલ મહેતા(રહે.પ્રેરક એપાર્ટમેન્ટ, વાઘબકરી ચા નો ખાંચો, પ્રિતમનગર, એલીસબ્રીજ) એ તા.૭/૩/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી પીનાકીન કાંતીલાલ ભંડારી (રહે.દેશના એપાર્ટમેન્ટ, મીરાંબીકા સ્કુલ રોડ, નારણપુરા) એ તા.૬/૧૨/૧૩ થી તા.૧૦/૧૨/૧૩ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા મીઠાખળી છ રસ્તા પાસે, શ્રી કૃષ્ણા સેન્ટર ખાતે ચેક ડીસ્કાઉન્ટના કામકાજ સારૂ રોહીતભાઇને વિશ્વાસમાં લઇ માસીક દોઢ થી બે ટકા ડીસ્કાઉન્ટની લાલચ આપી રોહીતભાઇ પાસેથી રોકડ રૂપિયા મેળવી તે પેટે ચુકવેલ ચેક પૈકી કુલ રૂપિયા ૪૫,૧૦,૬૮૫/- ના ચેકો રીટર્ન થતાં, રોહીતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.બુંબડીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૮૨/૧૫**

**સરદારનગર** : ચંદ્રપ્રકાશ હિરાલાલ રોહેરા (રહે.શાસ્ત્રીનગર, વર્ધાન ટાવર રોડ, નારણપુરા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૩/૧૫ રાતના ૧૧/૫૦ વાગ્યાના સુમારે ચંદ્રપ્રકાશ અને તેમના માતા પિતા સાથે મારૂતીવાનમાં બેસી ઇન્દીરાબ્રીજથી આવતાં સમરથનગર રવિ પેટ્રોલપંપની આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર ટી.સી.નંબર જીજે.ડબલ્યુ.૦૧.વાય.એલ.૫૫૬૮ ના ચાલકે કાર બેદરકારી અને પુરઝડપે ચલાવી ચંદ્રપકાશની મારૂતી વાનને ટક્કર મારતાં ચંદ્રપ્રકાશની માતા પરમેશ્વરીબહેન (ઉ.વ.૬૫) શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૩/૧૫ નાં કલાક ૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સવજીભાઇ નાથુભાઇ ચલાવે છે.

**વેજલપુર** : પ્રવિણભાઇ રમણભાઇ તડવી (રહે.જયરામભાઇની ચાલી, વાસણા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૩/૧૫ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પ્રવિણભાઇની માતા જયાબહેન જી.બી.શાહ કોલેજ નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર ટી.સી.નંબર જીજે.ડબલ્યુ.૦૧.વાય.એલ.૫૫૬૮ ના ચાલકે કાર બેદરકારી અને પુરઝડપે ચલાવી પ્રવિણભાઇની માતા જયાબહેન (ઉ.વ.૮૫) ને ટક્કર મારતાં તેમને શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.